## ફીની વિગત

ફી નીચે જણાવેલ બેંકમાં નીચે જણાવેલ સત્ર પ્રમાણે ભરવાની રહેશે.

**કરૂર વૈશ્ય બેંક,** સેટેલાઈટ રોડ બ્રાંચ, નં. ૩, શિલ્પ આર્કેડ, જોધપુર ચાર રસ્તા

**વાર અને સમય :** સોમવાર થી શુક્રવાર

સવારે ૯.૩૦ થી બપોર ૧.૩૦ સુધી. સાંજે ૨.૦૦ થી ૩.૩૦ સુધી.

શનિવાર બીજા અને ચોથા શનિવારે બેંકમાં રજા રહેશે. સવારે ૯.૩૦ થી બપોર ૧૨.૩૦ સુધી બેંક સ્લિપ સ્કુલમાંથી મળશે.

**ઓન લાઇન પેમેન્ટ વિકલ્પ :** ફ્લીન્ટ પેમેન્ટ ગેટવે, એન.ઈ.એફ.ટી., ક્રેડિટ કાર્ડ, યુ.પી.આઈ. પેમેન્ટ, ક્યૂ.આર. કોડ વિગેરે.

| Section | Medium | Standard | Annual Fees for A.Y. 22-23 | Quarter Fees |
|---|---|---|---|---|
| Pre-Primary | Gujarati Medium | Nur., Sr. Kg, Jr. Kg | 19425 | 4856 |
| Primary | Gujarati Medium | 1 to 8 | 19425 | 4856 |
| Secondary | Gujarati Medium | 9 & 10 | 23625 | 5906 |
| Higher Secondary | Gujarati Medium | 11th Gen | 30450 | 7612 |
| | | 12th Gen | 30450 | 7612 |
| | | 11th Sci | 36488 | 9122 |
| | | 12th Sci | 36488 | 9122 |

## એડમીશનના નિયમો

૧. સરકારી નીતિનિયમો મુજબ એડમીશન આપવામાં આવશે.

૨. બાળકને પૂર્વ પ્રાથમિક વિભાગમાં ૩ વર્ષ અને ધો.૧માં ૫ વર્ષ પૂરા થયે પ્રવેશ મળી શકશે.

૩. પ્રવેશ મેળવતી વખતે પ્રવેશપત્ર સાથે ધો. ૧માં અને પૂ. પ્રાથમિક વિભાગમાં જન્મ પ્રમાણપત્રની ઝેરોક્ષકોપી ધોરણ ૨ થી ૧૦ માં શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અને વાર્ષિક પરીક્ષાના પરિણામની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે. જે વિદ્યાર્થી ભારતના બીજા રાજ્યમાંથી આવ્યો હોય તેણે જે તે જિલ્લાના અધિકારીની સહીસિક્કા વાળુ સર્ટીફીકેટ લાવવું.

૪. પ્રવેશ અંગેનો આખરી નિર્ણય પ્રિન્સીપાલશ્રી દ્વારા લેવાશે.

## શાળા છોડવાના પ્રમાણપત્ર (L.C.) લેવા અંગેના નિયમો

૧. વાલીશ્રીએ અઠવાડીયા પહેલા એલ.સી. લેવા અંગેની અરજી આપવાની રહેશે.
૨. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર લેવાનું હોય ત્યારે તે પહેલાની ફી બાકી હોય તો ભરી દેવાની રહેશે.
૩. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ખોવાઈ જાય તો ડુપ્લીકેટ નકલ માટે એફીડેવીટ કરાવ્યા બાદ આપવામાં આવશે. જેનો રૂા.૨૫/– ચાર્જ લેવામાં આવશે.
૪. જે વિદ્યાર્થી ૯૦ દિવસ સુધી કોઈપણ જાણ કર્યા વગર ગેરહાજર રહેશે તો શાળામાંથી નામ આપોઆપ કમી થઈ જશે.

## ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા અંગેની સુચના

શાળામાંથી વિદ્યાર્થીઓને કોઈપણ ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા આપવામાં આવતી નથી.

વાલીશ્રી એ પોતાના પાલ્યની ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા પોતાના જોખમે અને સ્વ ખર્ચે જ કરવી પડશે.

ટ્રાફિક પોલીસ/ આર.ટી.ઓ/ કોર્ટના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું. વાલીશ્રીને વિનંતી છે કે જે વાહન કે રિક્ષામાં પાલ્ય આવે છે તેની વ્યવસ્થા અને સુરક્ષાને ખાસ ચકાશે.

અપૂરતી હાજરી, ગૃહકાર્યમાં વધુ પડતી અનિયમિતતા, અશિસ્ત અને બીજા વિદ્યાર્થીઓને હાની પહોંચાડે તેવા કાર્યો ગેરવર્તણુંક જેવા કારણોસર વિદ્યાર્થીનો પ્રવેશ શાળામાંથી રદ કરવામાં આવશે.

**નોંધ : કોઈપણ જરૂરી પ્રમાણપત્રો શાળામાંથી મેળવવા માટે ઓછામાં ઓછા ચાર દિવસ પહેલા કાર્યાલયમાં લેખિત અરજી આપવી.**

## હાજરી અને રજા અંગેના નિયમો

૧. શૈક્ષણિક વિભાગના નિયમ પ્રમાણે દરેક વિદ્યાર્થીઓની કામના દિવસોની હાજરીના ૮૦ ટકા હાજરી હોવી જરૂરી છે. તો તે વાર્ષિક પરીક્ષા આપવા માટે લાયક ગણાશે. ધોરણ ૧૦ માટે કામના દિવસોની હાજરી ૮૦ ટકા હોવી જરૂરી છે.
૨. જરૂરી હાજરી ન હોય તેવા વિદ્યાર્થીઓને વાર્ષિક પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ.
૩. અગાઉથી રજા વિના શાળામાં ગેરહાજર રહેશે અથવા વર્ગશિક્ષકશ્રીને જાણ કર્યા વગર શાળાના સમય દરમ્યાન શાળાની બહાર જશે તેની સામે કડક પગલા લેવામાં આવશે.
૪. જે વિદ્યાર્થીઓનાં વાલીશ્રીની રજા ચિઠ્ઠી ડાયરીમાં આવી નહિ હોય તેવા વિદ્યાર્થીઓને ગે.હા. ગણવામાં આવશે.
૫. શાળામાં આવ્યા પછી અનિવાર્ય સંજોગો સિવાય અડધી રજા આપવામાં આવશે નહિ.

## પરીક્ષા અંગેના નિયમો ધોરણ ૧ થી ૮

૧. વર્ષ દરમ્યાન ત્રણ પરીક્ષાઓ લેવામાં આવશે. પ્રથમ સેમીસ્ટર, દ્વિતીય સેમીસ્ટર ઉપરાંત ધો. ૧ થી ૮ માટે પુનરાવર્તન કસોટીઓનું આયોજન કરેલ છે.

૨. પરીક્ષાના પંદર દિવસ અગાઉ પરીક્ષાનું સમયપત્રક વિદ્યાર્થીઓને આપવામાં આવશે.

૩. દ્વિતીય સેમીસ્ટર પરીક્ષાનાં પરિણામમાં પ્રથમ સેમીસ્ટર અને દ્વિતીય સેમીસ્ટરના મુલ્યાંકનનો સમાવેશ કરવામાં આવશે.

૪. પાસ થવા માટે ૧૦૦ ગુણમાંથી ૩૫ ગુણ મેળવવા જરૂરી છે.

૫. પ્રથમ સેમીસ્ટરનાં પેપરો જણાવેલ સમયે અને દિવસે જ શાળામાં જોવા દેવામાં આવશે.

૬. કોઈપણ વિદ્યાર્થી માંદગી અંગેનું સર્ટીફીકેટ આપ્યા વગર કોઈપણ પરીક્ષામાં ગેરહાજર રહી શકશે નહિ.

૭. દરેક વાલીશ્રીએ પ્રમોશન અંગેના શાળાએ નક્કી કરેલા નિયમોને સ્વીકાર કરવાનો રહેશે.

## પરીક્ષા અંગેના નિયમો ધોરણ ૯ થી ૧૨

૧. શાળામાં વર્ષ દરમ્યાન અઠવાડિક/યુનીટ, સત્રાંત અને વાર્ષિક પરીક્ષાઓ લેવામાં આવશે.

૨. પરીક્ષાના પંદર દિવસ અગાઉ પરીક્ષાનું સમયપત્રક વિદ્યાર્થીઓને આપવામાં આવશે.

૩. વિદ્યાર્થીઓના વાર્ષિક પરીક્ષાના પરિણામમાં સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનને આધારે આપવામાં આવેલ આંતરિક ગુણનો સમાવેશ કરવામાં આવશે.

૪. પાસ થવા માટે ૩૩% ગુણ મેળવવા જરૂરી છે.

૫. પ્રથમ અને દ્વિતીય કસોટીના પેપરો જણાવેલ સમયે અને દિવસે શાળામાં જોવા દેવામાં આવશે.

૬. માંદગીને કારણે પરીક્ષામાં ગેરહાજર રહેનાર વિદ્યાર્થીએ માંદગી અંગેનું સર્ટીફીકેટ આપવું ફરજીયાત છે.

૭. દરેક વાલીશ્રીએ પ્રમોશન અંગેના શાળાએ નક્કી કરેલા નિયમોનો સ્વીકાર કરવાનો રહેશે.

## શાળામાં આધુનિક શૈક્ષણિક સાધનો

❖ પ્રત્યેક વર્ગમાં શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને સ્માર્ટબોર્ડ દ્વારા શૈક્ષણિક કાર્ય થાય છે, કે જેમાં વિડીયોક્લિપિંગ, ડીજીટલ પ્રેઝન્ટેશન, એનિમેશન વગેરે દ્વારા અઘરા વિષયો જેવા કે ગણિત, વિજ્ઞાન અને વ્યાકરણ સરળ બનાવીને ભણાવવામાં આવ છે.

❖ પ્રત્યેક વિદ્યાર્થીને User ID આપવામાં આવેલ છે. કે જેના દ્વારા તે શાળા સિવાય પણ તેનો ઉપયોગ કરી શકે.

- ❖ વાલીશ્રી પણ શાળાની વેબસાઈટને નિયમિત રીતે જોઈ શાળાની પ્રવૃત્તિ અંગેની માહિતી મેળવી શકશે.
- ❖ શાળાની Computer Lab આધુનિક સોફ્ટવેરથી સજ્જ છે.
- ❖ પ્રત્યેક વર્ગખંડમાં અને વર્ગખંડની બહાર તેમજ શાળાના ગ્રાઉન્ડમાં પણ CC TV કેમરા મૂકેલા છે.
- ❖ મહત્વની માહિતી જેવી કે આકસ્મિક રજા, વિદ્યાર્થીઓની ગેરહાજરીની નોંધ અને પરિણામની તારીખની જાણકારી SMS દ્વારા કરવામાં આવે છે.

## શાળામાં થતી પ્રવૃત્તિઓ

**આર્ટ એન્ડ ક્રાફ્ટ :** ચિત્રના પ્રકાર, ક્લે મોડલીંગ, ...ના પ્રકાર, રંગપૂરણી.

**કમ્પ્યુટર :** મલ્ટમિડિયા રજુઆત, ગ્રાફિક્સ ડિઝાઈન, ડેસ્ક ટોપ કોમ્પ્યુટર, હાર્ડવેર, ટ્રબલ શુટીંગ, પ્રોગ્રામ ડિઝાઈનીંગ, ઓનલાઈન પ્રોજેક્ટ વગેરે.

**સમુદાય વિકાસ પ્રોગ્રામ :** ઘરડાઘરની મુલાકાત, અનાથ માટે જાગૃતતા, સ્વચ્છતા તથા દાન.

**વાંચન માટેની પ્રવૃત્તિ :** વિદ્યાર્થી શબ્દ વાક્યને સાંભળી, પુનરાવર્તન અને સુનવણીનો આનંદ માણી શકે.

**ભાષા સંવર્ધન :** વિદ્યાર્થીને તક મળે ભાષાને સતત સાંભળી – જોઈ – શબ્દ ભંડોળ વિશે ચર્ચા કરે.

**વ્યક્તિ વિકાસ :** પેપર રજુઆત, રેડીઓ, સેમિનાર, ઇંગ્લીશમાં વાતચીત, રીતભાત તથા શિ...

**શ્રવણ - દશ્ય પૂરક :** જૂનિયર ક્લાસ દ્વારા બોલાવી શીખી શકે, સમૃદ્ધ અભ્યાસક્રમ સમજશે.

**વિષય સંવર્ધન પ્રવૃત્તિ :** મૂલ્યાંકન નીતિમાં દરેક સત્રમાં પ્રોત્સાહિત કરી તેમની પરીક્ષા.

**વિદ્યાર્થી પરામર્શ :** શાળામાં પરામર્શ તથા વ્યક્તિગત વિકાસ.

## શાળાનો સમય - પ્રાથમિક વિભાગ

❖ **ધોરણ : ૧ થી ૮ (સોમવાર થી શુક્રવાર)**
૧૨.૩૦ થી ૫.૩૦  શનિવાર : ૭.૨૦ થી ૧૦.૧૫

❖ **પ્રિન્સીપાલશ્રીને મળવાનો સમય**
મંગળવાર અને ગુરૂવાર : ૧.૦૦ થી ૨.૦૦

❖ **શિક્ષકશ્રીને મળવાનો સમય :**
વાલીશ્રી વર્ગશિક્ષકશ્રી અને વિષય શિક્ષકશ્રીને મળી શકશે.
દરેક મહિનાનાં પહેલો શનિવાર – ધો. ૧, ૨
દરેક મહિનાનાં બીજો શનિવાર – ધો. ૩, ૪, ૫
દરેક મહિનાનાં ત્રીજો શનિવાર – ધો. ૬, ૭, ૮ અને આખર તારીખે ૩.૩૦ થી ૪.૩૦
દરેક મહિનાનાં છેલ્લા કામના દિવસે શાળાનો છૂટવાનો સમય
૩.૦૦ વાગ્યાનો રહેશે (સોમવાર થી શુક્રવાર)
શનિવાર હોય તો છૂટવાનો સમય ૯.૦૦ વાગ્યાનો રહેશે.

## શાળાનો સમય - માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ

❖ **ધોરણ : ૯ થી ૧૨ (સોમવાર થી શુક્રવાર)**
૭.૨૦ થી ૧૨.૩૦  શનિવાર :  ૭.૨૦ થી ૧૦.૧૫

❖ **દરેક માસનાં છેલ્લા કામના દિવસે શાળાનો છૂટવાનો સમય :**
સોમવાર થી શુક્રવાર : ૧૦.૦૦  શનિવાર  :  ૯.૦૦ વાગ્યે

❖ **આચાર્યશ્રીને મળવાનો સમય**
મંગળવાર અને ગુરૂવાર : ૧.૦૦ થી ૨.૦૦

❖ **ઉપાચાર્યશ્રીને મળવાનો સમય**
૧૨.૩૦ થી ૧.૦૦

❖ **શિક્ષકશ્રીને મળવાનો સમય :**
દર માસની આખર તારીખે : સમય – ૧૦.૦૦ થી ૧૦.૩૦

## શ્રી નારાયણ ગુરૂ વિદ્યાલય

**વિષય : આપના બાળકની બાકી ફી અંગે**

વાલીશ્રી તા. : ______________

આપના પાલ્યની ____________________ માસથી ____________________ માસ સુધીની

__________________________ રૂપિયા ફી બાકી જણાય છે. તે તાત્કાલિક ભરી જવા વિનંતી.

વર્ગ શિ. સહી વાલીની સહી


## શ્રી નારાયણ ગુરૂ વિદ્યાલય

**વિષય : આપના બાળકની બાકી ફી અંગે**

વાલીશ્રી તા. : ______________

આપના પાલ્યની ____________________ માસથી ____________________ માસ સુધીની

__________________________ રૂપિયા ફી બાકી જણાય છે. તે તાત્કાલિક ભરી જવા વિનંતી.

વર્ગ શિ. સહી વાલીની સહી

## શ્રી નારાયણ ગુરૂ વિદ્યાલય

**વિષય : આપના બાળકની બાકી ફી અંગે**

વાલીશ્રી તા. : ______________

આપના પાલ્યની ____________________ માસથી ____________________ માસ સુધીની

__________________________ રૂપિયા ફી બાકી જણાય છે. તે તાત્કાલિક ભરી જવા વિનંતી.

વર્ગ શિ. સહી વાલીની સહી

## પ્રોત્સાહન કાર્ડ / શિસ્ત કાર્ડ

**SHREE NARAYANA GURU VIDYALAYA**

**ગ્રીન કાર્ડ**

આ કાર્ડ કુમાર/કુમારી ________________ વર્ગ _______ વિભાગ ______________ ને તેમના એસેમ્બલીમાં પ્રશંસાપાત્ર પ્રદર્શન/ કામમાં સુધારા/અખંડિતતા/ઉત્કૃષ્ટ વિદ્યાર્થી/CCA, ECA માં સિદ્ધિ પ્રાપ્ત/સ્વૈચ્છિક કાર્ય વિગેરે માટે ________ દિવસે આપવામાં આવે છે.

CT HM PRINCIPAL

**SHREE NARAYANA GURU VIDYALAYA**

**યલો કાર્ડ**

આ કાર્ડ કુમાર/કુમારી ____________________ વર્ગ _______ વિભાગ _______ ને તેમના શિક્ષકો તરફ ભારે વિરોધ, વિક્ષેપકારક/Bullying (ધમકીઓ)/ આક્રમકતા/ સ્કુલના નિયમોનાં ઉલ્લંઘન/સ્કુલના સંકુલને નુકશાન પહોંચાડવા/ ઈલેક્ટ્રોનિક ઉપકરણોના ઉપયોગ/ શારીરિક અથવા શાબ્દીક હુમલો/અભદ્ર ટિપ્પણી/દિવાલ કે ફર્નિચર ઉપર લખાણ કે ચિત્રકામ/સ્કુલ પ્રોપર્ટીને નુકશાન વિગેરે માટે _______ દિવસે આપવામાં આવે છે.

CT HM PRINCIPAL

**SHREE NARAYANA GURU VIDYALAYA**

**રેડ કાર્ડ**

આકાર્ડકુમાર/કુમારી________________ વર્ગ ______ વિભાગ ______ ને ______ દિવસે આખરી ચેતવણી તરીકે આપવામાં આવે છે. રેડ કાર્ડ પછીનું આખરી પગલું સસ્પેન્શન/ રસ્ટીકેશન છે.

CT HM PRINCIPAL

**SHREE NARAYANA GURU VIDYALAYA**

**બ્લ્યુ કાર્ડ**

આકાર્ડકુમાર/કુમારી________________ વર્ગ ______ વિભાગ ______ ને ______ દિવસે અવ્યવસ્થિત યુનિફોર્મ/ખરાબ હેર સ્ટાઈલ/વધારેલ નખ/ સ્કુલમાં મોડા આવવા/ શિસ્તનું પાલન ન કરવું/હોમવર્ક ન કરવા/પરીક્ષામાં ચોરી કરવા અથવા ગેરવર્તણુંક કરવા માટે આપવામાં આવે છે.

CT HM PRINCIPAL

## શિસ્તતાનાં માપદંડ

❖ નીચે મુજબનાં શિસ્તબદ્ધ પગલાં શાળા દ્વારા અપ્રમાણિક રીતે વર્તતા વિદ્યાર્થીઓ સાથે લેવામાં આવી શકે છે.

- ⇨ મૌખિક ચેતવણી / પરામર્શ
- ⇨ લેખિત ચેતવણી
- ⇨ રિશેષમાં અટકાયત
- ⇨ સસ્પેન્શન / ૭ દિવસ થી 30 દિવસ
- ⇨ ખેલકૂદ / પ્રવાસ (શૈક્ષણિક)માં અટકાયત
- ⇨ યલો/બ્લ્યુ/રેડ કાર્ડ આપવું

## દમદાટી / ધમકાવવું BULLYING POLICY

❖ Bullying **એટલે શું? - (ધમકાવવું, દમદાટી)**

''ધમકીભર્યા વર્તન, શક્તિનો દુરુપયોગ વારંવાર કરવાથી અને ઈરાદાપૂર્વક કરવાથી અન્ય વ્યક્તિ અથવા લોકોના જૂથને ભાવનાત્મક અથવા શારીરિક નુક્શાન પહોંચાડવું. સમાન શક્તિના વ્યક્તિઓ વચ્ચે દુખદાયક વર્તન, ત્રાસ અથવા દલીલોના અલગ પાડવામાં આવેલા ઉદાહરણોને ધમકાવવા તરીકે જોવું જોઈએ નહીં.''

❖ Bullying **નાં પ્રકારો :**

- ⇨ અફવાઓ ફેલાવવી, જેવાં કે ઉ.દા. બેગ કે બુક્સ સંતાડવી
- ⇨ શારીરિક હેરાનગતિ, લાત મારવી, ધક્કો મારવો, મુક્કો મારવો, થપ્પડ મારવો અથવા કોઈપણ પ્રકારની હિંસા
- ⇨ મૌખિક નામ (ખીજવવું)થી બોલાવવું, ચીડવવું, ધમકી આપવી, કટાક્ષ કરવો
- ⇨ ઈન્ટરનેટનો દુરુપયોગ
- ⇨ ખરાબ અને/અથવા ધમકી ભર્યા ઈ–મેઈલ
- ⇨ બ્લોગનો દુરુપયોગ
- ⇨ ગેમવાળી સાઈટનો ઉપયોગ કરવો
- ⇨ ઈન્ટરનેટ ચેટ કરવું અને ત્વરિત મેસેજીસ કરવા
- ⇨ મોબાઈલ ટેક્સ મેસેજ દ્વારા ધમકીઓ અને ફોન કોલ્સ દ્વારા ટેકનોલોજીનો દુરુપયોગ કરવો. દા.ત. કેમેરા અને વિડિયો
- ⇨ જાતીય ધમકીઓ અને અપંગતા (અક્ષમતા), ખોડ ક્ષમતા, જાતિ, દેખાવ અથવા પરિસ્થિતિ ઉપર ધમકીઓ આપવી (અપશબ્દો બોલવા)

❖ Bullying **નો પ્રતિકાર (વિરોધ) કરવો કેમ જરૂરી છે?**

- ⇨ Bullying દુઃખ આપનાર છે. કોઈ વ્યક્તિ .. માટે લાયક નથી અથવા કોઈ વ્યક્તિ Bullying ઈચ્છતું નથી. દરેક વ્યક્તિને સન્માનનો, સમાનતાનો અધિકાર છે. જે વિદ્યાર્થીઓ Bullying કરે છે તેમને કેવી રીતે વર્તન કરવું તે શીખવવાની જરૂર છે.
- ⇨ આવી ગેરવર્તણુક કે Bullying નો ત્વરિત અને અસરકારક પ્રતિકાર માટે શાળાની જાણકારીમાં લાવવું.

❖ **નીચે મુજબના શિસ્તતાના પગલા લેવા જોઈએ :**

- ⇨ સત્તાવાર પગલા લેવા કે જેથી ગેરવર્તણુક બંધ થાય.
- ⇨ શાળાના કેટલાક સ્થળોથી અટકાયત અથવા સસ્પેન્શન કરવું.

- ⇨ થોડા સમય માટે અથવા વધારે સમય માટે બાકાત કરવું.
- ⇨ હંમેશા માટે બાકાત કરવું. (School Leaving Certificate આપી દેવું)

❖ **ચિહ્નો અને લક્ષણો :**

ઘણાં બાળકો અને યુવાનોને જ્યારે ધમકાવવામાં આવે છે ત્યારે તેઓ બોલી શકતા નથી, પણ કેટલાક ચિહ્નો અથવા લક્ષણો બતાવે છે.

પુખ્તવયના લોકોએ આવા ચિહ્નો અને લક્ષણોની ખબર રાખવી જોઈએ અને તપાસ કરવી જોઈએ જ્યારે કોઈ બાળક–

- ⇨ સ્કુલમાં આવવા કે જવા માટે ડરતું હોય ત્યારે.
- ⇨ શાળા કે શાળાની બસમાં જવા તૈયાર ન હોય.
- ⇨ દરરોજની ક્રિયા–પ્રતિક્રિયામાં ફેરફાર આવવો.
- ⇨ શાળા જવામાં ડર લાગવો.
- ⇨ શાંત થઈ જવું, એકાંત પસંદ કરવું; તાણ અનુભવવો.
- ⇨ બેચેની અનુભવે અને આત્મવિશ્વાસ ઘટતો જાય.
- ⇨ આત્મહત્યાનો પ્રયાસ કરવો કે તેની ધમકી આપવી, ભાગી જવું.
- ⇨ રડે છે/ રાત્રે ઊંઘે છે કે દુઃસ્વપ્ન જુએ છે.

## HOUSE SYSTEM

❖ રમતગમત, સાક્ષરતા, સહ અભ્યાસક્રમની સ્પર્ધાત્મક ભાવના, ઈન્ટર હાઉસ ઈવેન્ટ્સની વ્યાપક શ્રેણી દ્વારા કરવામાં (વિકસાવવામાં) આવે છે. અમે બાળકોમાં ઉત્કૃષ્ટ મૈત્રીભાવના અને તંદુરસ્ત સ્પર્ધા અને રમત ભાવના ઈચ્છીએ છીએ.

❖ શાળામાં ચાર હાઉસ છે. તેમનાં લક્ષ્યાંક અને મહત્ત્વ નીચે મુજબ છે.

## **PEACOCK / LION**

શ્રેષ્ઠતા માટે પ્રયત્ન કરવો

## **PARROT / TIGER**

એકતા માટે ઊભું રહેવું (એકતા રાખવી)

## **Penguin / Panther**

હકારાત્મક / નિષ્ઠા

## **Pegion / Cheetah**

સૌને સમાન તક

- ❖ દરેક વિદ્યાર્થીને એક હાઉસ આપવામાં આવશે. તે હાઉસમાં તેને સ્કુલ લાઈફ દરમ્યાન રાખવામાં આવશે. દરેક હાઉસમાં એક હેડ કેપ્ટન, વાઈસ–કેપ્ટન અને બીજા ઘણાં હાઉસ ચીફ હશે.
- ❖ હાઉસનો પ્રતિનિધિ સ્ટાફ મેમ્બર છે કે જે હાઉસનો ઈન–ચાર્જ હશે. બીજા ઘણાં શિક્ષકો દરેક હાઉસ સાથે જોડાયેલ હશે અને ઈન–ચાર્જને હેલ્પ કે માર્ગદર્શન આપશે. આ શિક્ષકો હાઉસ ટ્યુટર કહેવાશે અને દરેક વિદ્યાર્થીને માર્ગદર્શન કે પરામર્શ આપશે કે જે હાઉસનાં તે ટ્યુટર હોય.
- ❖ ટ્યુટર વિદ્યાર્થીના શૈક્ષણિક, રમતગમત અને ઈતર પ્રવૃત્તિનાં સર્વાંગી વિકાસ માટે જવાબદાર રહેશે. ઉપરાંત તેમણે વિદ્યાર્થી સાથે સારા સંબંધો પ્રસ્થાપિત કરવા અને તેમની સ્વાભાવિક શિસ્તતા અને સારા વિદ્યાર્થી બને તે માટે પ્રયત્નો કરવાના રહેશે.
- ❖ દરેક પ્રવૃત્તિ માટે દરેક હાઉસના વિદ્યાર્થીને પોઈન્ટ્સ આપવામાં આવશે. પ્રવૃત્તિઓ જેવી કે રમતગમત, શૈક્ષણિક, એકલા અથવા ગ્રુપમાં દેખાવ કરવા બદલ.
- ❖ ઉપરોક્ત હાઉસ વચ્ચે સ્પર્ધા રાખવામાં આવી શકે છે. જેવી કે રમતગમત, નાટક, સાક્ષરતા, પ્રવૃત્તિઓ, ક્વિઝ, ચિત્રકામ, સંગીત, ડાન્સ.
- ❖ મોર્નિંગ એસેમ્બલી વર્ગ થીમ્સ પ્રમાણે કરવામાં આવશે. પહેલા પ્રાર્થના પછી વંદેમાતરમ્, પ્રતિજ્ઞા, વૈજ્ઞાનિક ડેમો, વાર્તા, કવિતા પાઠ એસેમ્બલીમાં અંતે ઈનામ વિતરણ કરવામાં આવશે. આચાર્યના બે શબ્દો, શાળાનું ગીત અને નેશનલ એન્થમ. (રાષ્ટ્રગીત)
- ❖ SNGV એસેમ્બલીમાં વિશિષ્ટ અને વિવિધ તહેવારો ઉજવે છે.
- ❖ વિદ્યાર્થીઓ સ્વતંત્રતા દિન, ગણતંત્ર દિવસે પરેડ કરે છે અને શારીરિક ટ્રેઈનિંગ પણ આપે છે.
- ❖ આથી, એસેમ્બલી એક એવું પગથિયું છે કે જ્યાં વિદ્યાર્થીને સર્વાંગી વિકાસ માટેની તક પૂરી પાડે છે અને સ્ટેજ ફીઅર પણ દૂર કરે છે.

## વાલીઓ માટે

વાલીઓને કોઈપણ તકલીફ કે મુશ્કેલીઓ માટે શાળા પાસે જરૂરિયાત પ્રમાણે મદદ કરવા માટે વ્યક્તિઓ છે. તેના માટે તેમને વિનંતી કે અપોઈન્ટમેન્ટ લઈને શાળાની ઓફિસનો સંપર્ક કરવો.

### વાલીઓને મદદ કરનાર વ્યક્તિઓ

**ક્લાસ ટીચર :**
હાજરી બાબતે, વર્તણુક, યુનિફોર્મ, અભ્યાસ વગેરે

**વિષય શિક્ષક :**
જે તે વિષયની જાણકારી માટે

**વાઈસ પ્રિન્સિપાલ/ હેડમીસ્ટ્રેશ/હેડમાસ્તર :** શીખવાની ક્ષમતા, વ્યક્તિ વિકાસ, પરિણામો સાથે બાળકોને ટેકો આપવો

**કાઉન્સીલર :**
સાયકોલોજીકલ તકલીફ, પર્સનલ માર્ગદર્શન, કારકીર્દિ માર્ગદર્શન

**રીસેપ્શન :**
નવા એડમીશન, સ્કુલ વિશેની માહિતી

**આચાર્ય :**
સંતોષકારક ઉત્તર ન મળવાથી (બધા પેનલ)

**એકાઉન્ટ ઓફિસ :**
ફી પેમેન્ટ પ્રોબ્લેમ, ફાઈનાન્સની જાણકારી

**પરીક્ષા નિયામક :**
વિદ્યાર્થીઓની પરીક્ષા માટેની નોંધણી/ જરૂરિયાત મુજબ ગોઠવણી/ પ્રવેશ પરીક્ષા અને પરિણામ

**એડમીન :**
વાહનવ્યવહાર તકલીફ, મેઈન્ટેનન્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્વચ્છતા, સંચાલકતા